

## મોડાસામાં છ બાઈક સાથે વાહનચોર ઝડપાયો

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી બાઈકચોરીની ઘટનાઓ બનતી હતી. મોડાસા એસ.ઓ.જી.ની ટીમે બાઈકચોરને ઝડપવા માટે ઝીણવટભરી તપાસ હાથ ધરતા શુક્રવારે મોડાસાના કસ્બા વિસ્તારમાં મોટી મસ્જીદ પાસે રહેતા સદામ સાબીરભાઈ મલેકને દબોચી લઈ ૫ બાઈક અને ૧ પ્લેઝર સહિત મુદ્દામાલ કબ્જે લીધો હતો. આરોપીએ મોડાસા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો.

# અરવલ્લીમાં ધોરણ-૧૦ના ૧૮૮ છાત્રોના પરિણામ બોર્ડે અટકાવ્યા

બાયડ, તા. ૧

ધો. ૧૦માંની બોર્ડની પરીક્ષામાં સી.સી.ટીવી કેમેરા લાગતા પરીક્ષા સેન્ટરનું અને સ્કૂલનું પરિણામ ઉપર માઠી અસર પડતી હતી. તેને કારણે શિક્ષકો દ્વારા વર્ગખંડની બારીની બહાર ઉભા રહીને ૫૦ માર્કસના ઓએમઆર લખાવ્યા હતા. તેવું ગાંધનિગર ખાતે એક શિક્ષકને તેડુ આવતા હીયરીંગ સમયે આપ્યું નિવેદન.

તેનાથી અરવલ્લી જિલ્લામાં ૧૮૮ છાત્રોનું પરિણામ બોર્ડ દ્વારા અટકાવવામાં આવ્યું હતું. શિક્ષકો દ્વારા છાત્રોને ઓએમઆર તો લખાવ્યા પણ થીયરીમાં ન લખાવતા અમુક છાત્રોને ઓએમઆર ૫૦માંથી ૪૫ અને થીયરીમાં ૫૦માંથી ૧૦ જેવા માર્કસ આવતા બોર્ડના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. જિલ્લામાં સરકારી શિક્ષકો સ્કૂલમાં ન ભણાવતાનું પરિણામ દેખાઈ રહ્યુ છે. શિક્ષકોને ટ્યુશન ક્લાસીસમાં રસ છે તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં બોર્ડની પરીક્ષાને બે કેન્દ્રોની માન્યતા રદ થઈ જાય તેવું સંભાવના વ્યક્ત થઈ રહી છે. આવા શિક્ષકો સામે બોર્ડ કડકાઈથી કામગીરી કરશે કે નહી તે જોવું રહ્યું.

### અરવલ્લી ૧૮૮ છાત્રોનું બોર્ડ દ્વારા પરિણામ અટકાવતા વાલીઓમાં રોષ

વાલીઓ દ્વારા જાણવા મળ્યુ છે કે છાત્રોને પરીક્ષામાં જે આવડતું હતું તે છાત્રોએ લખ્યુ છે આમાં કોઈ ગેરરીતી થઈ નથી. બોર્ડનું પરિણામ ના અટકાવવું જોઈએ છાત્રોના ભવિષ્ય માટે રાજ્ય સરકાર કોઈ નિર્ણય લેશે કે નહી ?

### શિક્ષકો દ્વારા ઓએમઆરમાં ગેરરીતી કરાવવાનું ખુલ્યુ



## અરવલ્લીમાં અન્ન સુરક્ષા કાયદાના અમલીકરણ માટે કલેક્ટરને આવેદનપત્ર અપાયું

અરવલ્લી જિલ્લામાં શબરી સંગઠન દ્વારા અરવલ્લી જિલ્લામાં અન્ન સુરક્ષા કાયદો ૨૦૧૩નો તમામ તાલુકાઓમાં સારી રીતે અમલીકરણ કરવા માટે તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી સસ્તા અનાજની દુકાનો માલિકો દ્વારા મહિનામાં ફક્ત એક જ વાર ખુલે તે ૩૦ દિવસ ખુલ્લી રહેવી જોઈએ તેમજ તકેદારી સમિતિઓની રચના કરી જાહેરમાં બોર્ડ મારવા જોઈએ જેથી ગામડાઓના ભોળા પ્રજાજનોને ખબર પડે અને સસ્તા અનાજના દુકાનદારો દ્વારા અનાજ આપવા માટે ૧૦ રૂપિયા લઈ કુપનો કાઢી આપે છે તાત્કાલીક ધોરણે બંધ કરવી જોઈએ અને સસ્તા અનાજની દુકાનોના માલીકો દ્વારા કુપનમાં દર્શાવેલ જથ્થા કરતા ઓછુ અનાજ આપી પ્રજાને છેતરી રહ્યા છે અને મોટાપાયે ભ્રષ્ટાચાર આદરી રહ્યાની માંગ સાથે અન્ય વિવિધ માંગો સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીએ શબરી સંગઠનની બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ.



## ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરજ બજાવતા એ.એસ.આઈ. અને હેડ કોન્સ્ટેબલનો વય નિવૃત્તિ કાર્યક્રમ અર્બુદા હોલ ખાતે યોજાયો હતો.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરજ બજાવતા એ.એસ.આઈ. કાંતીભાઈ તથા હેડ કોન્સ્ટેબલ માંણકાભાઈ ૩૦ જુને વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા હતા જેમના વિદાય સમારંભમાં પોલીસ સ્ટાફ દ્વારા મોમેન્ટો, શ્રીફળ, શાલ આપી નિવૃત્તી બાદનું જીવન સુખમય રહે તેવી પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે પીએસઆઈ એસ.એમ. ગામેતી, સેકન્ડ પીએસઆઈ જયસ્વાલ, કોંગ્રેસ શહેર પ્રમુખ જીજ્ઞેશ જોષી, વેપારી મહામંડળના પ્રમુખ નારાયણદાસ બારોટ સહીત પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## મેઘરજ તાલુકાના લીંભોઈ ગામે હડકાયા કૂતરાનો આતંક

મેઘરજ, તા. ૧

મેઘરજ તાલુકાના લીંભોઈ ગામે હડકાયા કૂતરાએ એક મહિલા અને એક વૃદ્ધને બચકા ભર્યા હતા. પ્રાપ્ત વિગત મુજબ લીંભોઈ ગામે બપોરના સમયે કટારા ગંગાબેન સોમાભાઈના ખેતરમાં મગફળીનું વાવેતર કરેલ હોઈ તે જોવા જતા પાછળથી હડકાયુ કૂતરૂ આવી પગના ભાગે બચકુ ભરતા ગંગાબેને બુમાબુમ કરતા આજુબાજુના લોકો ભેગા થઈ જતા ત્યાંથી કૂતરૂ ભાગી રાવળ જેઠાભાઈ અખમાભાઈ ખેતરમાં કામ કરતા હોઈ તેમને હાથના ભાગે આ કૂતરાએ બચકા ભર્યા હતા. જ્યાં જેઠાભાઈ બુમાબુમ કરતાં હડકાયુ કૂતરૂ ત્યાંથી ભાગ્યું હતું અને રસ્તામાં ચરતા પશુઓને બચકા ભર્યા હતા. ગંગાબેનને મેઘરજની રેફરલ હોસ્પિટલમાં ૧૦૮ દ્વારા લાવી જરૂરી ટ્રીટમેન્ટ કરવામાં આવી હતી. જ્યારે જેઠાભાઈને પણ મેઘરજની રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

## ભિલોડામાં કોઝ-વે, માર્ગો, નાળાઓ માટે ૨૯.૫૯ લાખની ગ્રાન્ટ મંજૂર

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વિવિધ ગ્રામ્યવિસ્તારમાં કોઝ-વે, માર્ગો, નાળાઓ માટે રૂા.૨૯.૫૯ લાખની ગ્રાન્ટ મંજુર કરાતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘીએ ઉગ્ર ધારદાર રજુઆતો ગુજરાત રાજ્ય સરકારમાં અને માર્ગ અને મકાન વિભાગમાં કરતાં કોઝ-વે, માર્ગો, નાળાઓ, બ્રીજના પેવરકામ માટે રૂા.૨૯.૫૯ લાખની ગ્રાન્ટ માર્ગ અને મકાન વિભાગ ધ્વારા ફાળવણીની કાર્યવાહી કરાતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં કોઝ-વે, માર્ગો, બ્રીજ, નાળાઓના પેવરકામ ટુંક સમયમાં શુભારંભ થશે તેમ જાણવા મળેલ છે.

# બાયડ તાલુકાના આંબલીયારા ગામે બુટલેગરો દ્વારા પોલીસ કોન્સ્ટેબલ પર જીવલેણ હુમલો

બાયડ, તા. ૧

બાયડ તાલુકામાં આવેલ લીંબ ગામમાં ખુલ્લેઆમ દારૂ વેચાતા હોવાની ફરીયાદો ઉઠી હતી તે મામલે લીંબ ગામ ના બીટ જમાદાર મહોબ્બતસિંહ રતનસિંહ સમી સાંજે ૫ કલાકે લીંબ ગામમાં દારૂના અડ્ડા ઉપર બે હોમગાર્ડ લઈ રેડ કરવા ગયા હતા તે સમયે બુટલેગરો પોલીસ કોસ્ટેબલ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બાયડ તાલુકામાં બુટલેગરો ધુમાડો ફાટી નીકળ્યો છે. અને પોલીસ તંત્ર તેમને છાવરવામાં મદદરૂપ થઈ છે. એનું પરિણામ પોલીસ તંત્ર ને ભોગવવું પડ્યુ છે. બાયડ તાલુકામાં હવે બિહારના જંગલરાજ ની ગેરપ્રવૃત્તિઓ અને ગોરખધંધાઓ શરૂ થઈ ગયા છે. લીંબ ગામની પ્રજામાં બીકની દહેશત જોવા મળી રહી છે. પ્રજાના રક્ષકો ઉપર જીવલેણ હુમલો ખુલ્લેઆમ સમી સાંજે અને જાહેરમાં થતો હોય તો પ્રજાજનો માટે રક્ષણ ની જવાબદારી કોણ માંથે આ સૌથી મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો છે.

પોલીસ કોસ્ટેબલને દાતરડા વડે બુટલેગરોએ હુમલા કરતા હાથની બે આંગળીઓ કપાઈ ગઈ હતી અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડાયા હતા. લીંબ ગામમાં વાતાવરણ વધુ તંગ બનતા પી.એસ.આઈ. એમ.ડી. પરમાર ધ્વારા બાયડ સાઠંબા, ધનસુરાથી પોલીસ બંદોબસ્ત બોલાવી દિધો હતો. આખરે બુટલેગરોને મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી.

### પોલીસ કોસ્ટેબલ પર જીવલેણ હુમલો કરનાર સાત આરોપી

૧. જગતસિંહ અમરસિંહ ચૌહાણ- રહે.લીંબ, ૨. સંજયસિંહ કાળુસિંહ ચૌહાણ-રહે.લીંબ, ૩. કાળુસિંહ અમરસિંહ ચૌહાણ-રહે.લીંબ, ૪. રણુસિંહ અમરસિંહ ચૌહાણ-રહે.લીંબ, ૫. જશીબેન કાળુસિંહ ચૌહાણ-રહે.લીંબ, ૬. જગીબેન રણુસિંહ ચૌહાણ-રહે.લીંબ, ૭. તારાબેન જગતસિંહ ચૌહાણ-રહે.લીંબ

### લીંબ ગામની બાબતે ડીએસપી સાથે વાતચીતમાં...

લીંબ ગામની ઘટનામાં અમારી કચેરીથી કડક પણે પગલા ભરવા માટે આદેશ આપી દીધા છે. અને રહી બીજી વાત બુટલેગરોની આવા બુટલેગરોને કોઈપણ હિસાબે દારૂના અડ્ડા બંધ કરાવી દઈશું.

### ભાજપના રાજમાં બુટલેગરો બેફામ

બાયડ તાલુકાના ગાબટ મુકામે દારૂના અડ્ડા ચાલુ કરવા માટે ત્યાંના સ્થાનીક અને જીલ્લા ભાજપ હોદ્દેદારો નું પીઠબળ હોવાનું લોકમુખે ચર્ચાઓનું મોજુ ફરી ઉઠ્યું છે. આવા નેતાઓ બુટલેગરોને છાવરશે તો ભવિષ્યમાં બાયડ તાલુકો બિહારના જંગલરાજ કરતા પણ ગંભીર બની રહેશે તેવું લાગી રહ્યુ છે.

### પ્રજા હવે કોણે રક્ષણ માંગવા જશે ?

બુટલેગરો ખુલ્લેઆમ પોલીસ ઉપર જીવલેણ હુમલો કરતા હોય તો આ બુટલેગરોની તાકાત પાછળ ચોકકસ પણે મોટા ગજાવાળાનો હાથ હોવાનું મનાઈ રહ્યુ છે.



## આદિવાસી ખેડૂતોને વન અધિકાર માન્યતા ધારા મુજબ જમીન સોંપવા માંગ

અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગુરૂવારે એકલવ્ય સંગઠનના હોદ્દેદારો દ્વારા જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વર્ષોથી જમીન ખેડાણ કરતા ખેડાન હક્કનો કબજો ધરાવતા ખેડૂતોને વન અધિકાર માન્યતા ધારો ૨૦૦૬ અંતર્ગત ખેડૂતોએ જે દાવાઓ કર્યા હોય તેટલી જમીન પુરેપુરી માપવી દાવાઓ મંજૂર થયેલ દાવાઓની સનદ આપવી, ના મંજૂર થયેલ દાવાની સ્થળ ખાતરી કરી દાવા મંજૂર કરવા તથા ખેડાણ હક્ક ધરાવતા ખેડૂતોની જમીનમાં વન વિભાગ તંત્ર દ્વારા કરાતુ પ્લાન્ટેશન બંધ કરવા અને ખેડૂતોને હેરાનગતિ થતી બંધ કરવા જેવી વિવિધ માંગણીઓ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ.

## આજે માલપુરમાં અરવલ્લી જિલ્લા ભાજપની બેઠક યોજાશે

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટીની કારોબારી બેઠક શનિવારના રોજ માલપુર ખાતે આવેલ વાલીબા બીએડ કોલેજ ખાતે યોજાશે. જેમાં પ્રભારી મંત્રી અને ગૃહરાજ્યમંત્રી રજનીભાઈ પટેલ, ઉત્તર ઝોનના પ્રભારી કે.સી. પટેલ, જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, સાંસદ દિપસિંહ રાઠોડ, અરવલ્લી જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી ઉપસ્થિત રહેશે. જિલ્લાની કારોબારીમાં મોટી સંખ્યામાં ભાજપમાં ચૂંટાયેલા હોદ્દેદારો તેમજ પદાધિકારીઓ ઉપરાંત કારોબારી સભ્યો ઉપસ્થિત રહેશે. કારોબારીની બેઠકમાં સરકારની વિવિધ યોજનાઓની માહિતી ઘેર ઘેર સુધી પહોંચાડવા અનુરોધ કરાશે.

# અરવલ્લીમાં બોગસ આરોગ્ય કાર્ડ ઈશ્યુ કરનાર આરોપી ૪૫ દિવસ બાદ ઝડપાયો

### કીરીટ અમીન નામના શખ્સને મોડાસા ટાઉન પોલીસે રીમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરવા તજવીજ હાથ ધરી : અમૃતમ અને મા-વાત્સલ્ય કાર્ડ દ્વારા સરકારને ૧૦ લાખનો ચૂનો લગાડ્યો હતો

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક અને જિલ્લામાં રાજ્ય સરકકારની વિવિધ આરોગ્યલક્ષી સેવા મા અમૃતમ કાર્ડ અને મા વાત્સલ્ય કાર્ડ જેવી યોજનાઓ જિલ્લાના જરૂરીયાતમંદ અને ગરીબ દર્દીઓ માટે દેવદૂત સમાન બની રહી છે. ગુજરાત આરોગ્ય વિભાગ દ્વારા એમકોડ નામની ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. મોડાસામાં ફરજ બજાવતા એમકોડ કંપનીના કર્મચારીએ જીલ્લા આરોગ્ય અધિકારીની જાણ બહાર ૨૦૦૦ જેટલા આરોગ્ય કાર્ડ ઈશ્યુ કરી સરકારી તીજોરીને ચુનો લગાવ્યો હતો. આ કંપનીમાં ફરજ બજાવતા કીરીટ અમીન દ્વારા આચરવામાં આવેલા આરોગ્ય કૌભાંડનો પર્દાફાશ થતા જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કીરીટ અમીન સામે માર્ચ મહિનામાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આ શખ્સ ભુગર્ભમાં ઉતરી ગયો હતો. મોડાસા ટાઉન પોલીસે ગુરૂવારે રાત્રીના સમયે બાતમીના આધારે તેના રહેઠાણ સ્થળેથી દબોચી લઈ રીમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરવા કાર્યવાહિ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારીની જાણ બહાર ગેરકાયદેસર વિવિધ સરકારી



સારવારના કાર્ડ એમ કોડ કંપનીના કર્મચારી કીરીટ બાબુભાઈ અમીન (રહે. જિલ્લા મામલતદાર કચેરી પાછળ, સરકારી વસાહત, મોડાસા) નામનો શખ્સ જીલ્લાના જરૂરીયાતમંદ અને ગરીબરેખા સરકારના નિયમ મુજબ આવતા પરિવારોને મા અમૃતમ અને મા વાત્સલ્ય જેવી યોજનાનો લાભ મળે તે માટે કાર્ડ કાઢવાની કામગીરી કરતો હતો. ત્યારે આ શખ્સે આરોગ્ય અધિકારીની જાણ બહાર ફેબ્રુઆરી-૨૦૧૫ થી માર્ચ ૨૦૧૫ સુધી આરોગ્ય ખાતાના અધિકૃત અધિકારીની ફિંગરપ્રીન્ટ સોફ્ટવેરથી અથવા અન્ય કોઈપણ રીતે ચેડા કરી ૨૦૦૦ જેટલા ગેરકાયદેસર આરોગ્ય કાર્ડ ખોટા દસ્તાવેજ દ્વારા કરામત કરી બનાવી લઈ લોકો પાસેથી રૂપિયા ખંખેરી લીધા હતા અને ૩૬ કુટુંબોએ આ ગેરકાયદેસર કાર્ડ દ્વારા ૧૦ લાખ રૂપિયાની સારવાર પણ કરાવી લીધી હતી. જે અંગે જિલ્લા આરોગ્ય અધિકારીને ધ્યાને આવતા કીરીટ બાબુભાઈ અમીન સામે ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા કીરીટ અમીન ફરાર થઈ ગયો હતો અને જેલના સળીયા પાછળ ધકેલાવુ ન પડે તે માટે અનેક રીતે હવાતીયા મારી તેમજ આગોતરા જામીન માટે હાઈકોર્ટનો સહારો લીધો હતો પરંતુ આ આરોગ્ય કૌભાંડમાં હાઈકોર્ટે આ શખ્સના જામીન ના મંજૂર કરતા છેલ્લા ૪૫ દિવસથી પોલીસથી બચવા નાસતો ફરતો હતો. મોડાસા ટાઉન પોલીસે આ શખ્સને દબોચી લેવા અનેક ઠેકાણે તપાસ હાથ ધરવા છતાં પકડથી આજ દિન સુધી બહાર હતો ત્યારે મોડાસા ટાઉન પોલીસને બાતમી મળી હતી કે તે તેના ઘરે આવવાનો છે ત્યારે પોલીસે તકેદારી રાખી ગુરૂવારે રાત્રે તેના ઘરેથી દબોચી લેતા કીરીટ અમીનના હોશકોશ ઉડી ગયા હતા. મોડાસા ટાઉન પોલીસે ઓળખ પરેડ અને વધુ તપાસ કરવા કોર્ટમાં રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# બીડી બનાવતી કંપનીએ બીડીના કવર પર ભાથીજી મહારાજનું નામ છાપતા ઠાકોર સમાજમાં રોષ

ઠાકોર સમાજના ઈષ્ટદેવ ભાથીજી મહારાજને માનવવાવાળો વર્ગ રાજ્યભરમાં છે. પોતાના ઈષ્ટદેવનું અપમાન થાય અને તેમનો ફોટો ધંધાકીય લાભ ખાટવા માટે ઉપયોગમાં લેવાય તેનો વિરોધ સામાન્ય રીતે થાય ત્યારે ખેડા જિલ્લાના મહેમદાવાદ પાસે આવેલા વણસોલી ગામે વી.આર. ટ્રેડીંગ કંપની દ્વારા છેલ્લા કેટલાય સમયથી ભાથીજી મહારાજ સ્પે.નં. ૧૧ નામની બીડી બનાવી માર્કેટમાં વેપાર કરવામાં આવી રહ્યો છે. બીડીના બંડલના રેપર પર ભાથીજી મહારાજનો ફોટો સત્વરે દૂર કરવા અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયસીંહ સહિત મોટી સંખ્યામાં યુવાનો હાજર રહી અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ, જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોર અને મામલતદારને આવેદન પત્ર આપી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.







સરકાર હંમેશા સંગઠનના બળથી જ રચાય છે. સંગઠનના પાયા જેટલા મજબુત હોય તેટલી જ સરકાર મજબુત હોય છે. શક્તિશાળી સંગઠન બધા જ કાર્યોને સાકાર કરી શકે છે. ખેડા જિલ્લો ભલે કોંગ્રેસના ગઢ તરીકે ઓળખાતો હોય પરંતુ હવે પછીના વર્ષોમાં ભાજપનો અજેય ગઢ બનીને રહેવાનો છે તે વાત નક્કર છે તેમ આજે સાંસદ અને જિલ્લા ભાજપ પ્રમુખ દેવુસિંહ ચૌહાણે મહેમદાવાદ ખાતે જણાવ્યું હતું. મહેમદાવાદ ખાતે જિલ્લા કારોબારીની નવી સંરચના બાદ મળેલી પ્રથમ કારોબારી બેઠકમાં સાંસદ દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, માત્ર અઢી મહીનાના ટૂંકા ગાળામાં સમગ્ર જિલ્લાના કાર્યકરોએ ખભેખભો મિલાવીને જે કાર્યો કર્યા છે તે ખુબ જ અભિનંદનને પાત્ર છે. સરકાર, સંગઠન કે ચૂંટણીના તમામ કાર્યોને તેઓએ સુપેરે પાર પાડ્યા છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં ઉચ્ચતમ અભ્યાસવર્ગમાં હાજરી આપીને હવે પછીની વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણી હોય કે લોકસભા-૨૦૧૯ની ચૂંટણી હોય તે માટે કાર્યકર માનસિક રીતે તૈયાર અને કટિબદ્ધ થઈ ગયો છે ત્યારે કાર્યકરોએ હવે રાજ્ય અને કેન્દ્ર સરકારની ૧૩૦૦ જેટલી પ્રજાના કલ્યાણની યોજનાઓના સથવારે પ્રજા અને સરકાર અને પ્રજા વચ્ચે કડી બનીને કામ કરવાનું છે. સમય હવે થોડો ટૂંકો છે ત્યારે સોનાની થાળીમાં લોઢાના મેખની જેમ આ કોંગ્રેસના ગઢ તરીકે ઓળખાતા ખેડા જિલ્લાને ભાજપના અજેય ગઢ બનીને તમામ બેઠકો જીતવા માટે સૌને આહ્‌વાન કર્યુ હતું.